# ફેક વર્લ્ડમાં રિયલ રહેવું જ સૌથી મોટો સુપરપાવર છે! ફરહાના ભટ્ટ

શો-બાજ

**પોતાની બિન્દાસ અને નિડર પર્સનાલિટીથી તેણે કરોડો ફેન્સના દિલ જીતી લીધા છે. સોશિયલ મીડિયા પર પોતાના ફિલ્ટર વગરના બોલ્ડ સ્ટેટમેન્ટ્સ અને ઓરિજિનલ વાઈબ માટે જાણીતી ફરહાના ભટ્ટનો એક ખાસ, મજેદાર અને દિલખોલ ઈન્ટરવ્યુ. તો ચાલો વધુ જાણીએ....**



### ઈન્ડસ્ટ્રીમાં રિયલ કનેક્શન્સ અને દોસ્તી વિશે તારો શું વિચાર છે?

શોની અંદર ઘણા કનેક્શન્સ બને છે, પણ બહાર આવ્યા પછી સ્મૂથ અને ઓરિજિનલ બોન્ડ રહે એ ઈમ્પોર્ટન્ટ છે. મને પીઠ પાછળ ડ્રામા કે ફેક સ્માઈલ આપનારા લોકો બિલકુલ પસંદ નથી. મારી સામે જે રિયલ છે, એ જ મારો સાચો મિત્ર છે. જે બેક-સ્ટેબિંગ કરે, એને હું મારી લાઈફમાંથી સેકન્ડોમાં બ્લોક કરી દઉં છું!

### શૂટિંગ દરમિયાન મોડા પહોંચવાની ટેવ છે કે ટાઇમ પર?

અરે ભાઈ, હું કશ્મીરી છું, પંક્ચ્યુઆલિટી મારા લોહીમાં છે! મને કામના મામલે કોઈ પણ પ્રકારનો લેઝી વાઈબ બિલકુલ પસંદ નથી. જો કૉલ ટાઈમ 9 વાગ્યાનો હોય, તો હું 8:45 એ જ રેડી થઈને કેમેરા સામે ઊભી રહી જાઉં. મારો સમય પણ કિંમતી છે અને સેટ પરના ક્રૂનો પણ, એટલે નો લેટ ડ્રામા!

### શૂટિંગ દરમિયાન કોઇ એક્ટર સાથે મોટો ઝઘડો થયો હોય અને પછી કેમેરા સામે સ્માઇલ આપવી પડી હોય?

બિગ બોસમાં તો આ દરરોજનું હતું! પણ હું એક પ્રોફેશનલ આર્ટિસ્ટ છું. મારી પર્સનલ ચિડ કે ગુસ્સો હું શૂટિંગમાં નથી લાવતી, પણ હા, જો કોઈ મારી હદ પાર કરે તો હું કટ થયા પછી મોઢા પર જ કહી દઉં છું, પાછળથી ગોસિપ કરવાનો મારો સ્વભાવ નથી.

### કોઇ સુંદર સીન કે રોમેન્ટિક સોંગ શૂટ કરતી વખતે અંદરથી હસવું આવે ત્યારે શું કરે છે?

અરે, બહુ વાર એવું થાય! સ્ક્રીન પર એકદમ રોમેન્ટિક વાઈબ અને આંખોમાં પ્રેમ બતાવવાનો હોય અને બેકગ્રાઉન્ડમાં મચ્છર કરડતા હોય કે ભારે લહેંગામાં પગ અટકાતો હોય! પણ જેવા ડિરેક્ટર 'એક્શન' બોલે એટલે આંખોમાં ઈન્ટેન્સ લુક આવી જ જાય, પછી 'કટ' થતાં જ અમે બધા જોરથી હસી પડીએ.

### ડેટિંગ વર્લ્ડમાં સૌથી મોટો 'રેડ ફ્લેગ' કયો છે?

શો-ઓફ અને બે મોઢાની વાતો! જે માણસ પોતાના સ્ટાફ સાથે ખરાબ વર્તન કરે અને મોંઘી ગાડીઓનો અહંકાર બતાવે, એ મારા માટે બિગેસ્ટ રેડ ફ્લેગ છે. મને સિમ્પલ, ડાઉન-ટુ-અર્થ અને ઓરિજિનલ પર્સનાલિટીવાળા લોકો જ ગમે છે, ફેક એટીટ્યુડ નહીં!

### અચાનક ક્રેવિંગ થાય તો તારો ગો-ટુ લેટ નાઇટ સ્નૅક કઇ છે?

મેગી અને હોટ કશ્મીરી ચાય! ગમે તેટલો ડાયેટ પ્લાન ચાલતો હોય, પણ રાત્રે 2 વાગ્યાની મેગી વાઈબ કઈ અલગ જ હોય છે. થોડું તીખું મરચું નાખીને મસ્ત ગરમાગરમ બોલ બાઉલમાં લઈને બેસી જવાનું, બધી કેલરીની ચિંતા ગાયબ!

### એવી મોમેન્ટ આવી છે જ્યારે તને લાગ્યું હોય કે 'બસ હવે એક્ટિંગ છોડી દેવી છે'?

ક્યારેય નહીં! રિજેક્શન આવ્યા, રિજેક્શન પછી લોકોએ વાતો બનાવી, પણ મારો વિલપાવર બહુ સ્ટ્રોંગ છે. હું અહીં હાર માનવા નથી આવી, પણ રૂલ કરવા આવી છું. જ્યારે તમે પોતાના સપના પ્રત્યે સિંહણ જેવા નિડર હોવ, ત્યારે 'ક્વિટ' કરવાનો ઓપ્શન તમારા દિમાગમાં ક્યારેય આવતો જ નથી!

### 'ખતરોં કે ખિલાડીમાં ખતરનાક સ્ટંટ કરતી વખતે અંદરથી ડર લાગે?

યાર, ડર તો નેચરલ વસ્તુ છે, સાંપ કે ઊંચાઈ જોઈને એક સેકન્ડ માટે તો થથરી જવાય! પણ મારો સિમ્પલ રૂલ છે–લાઈફમાં જો તમે ઘણી મુશ્કેલ સિચ્યુએશન ફેસ કરી હોય, તો સ્ટેજ પરના સ્ટંટ તમારા વિલપાવર સામે નાના પડી જાય છે. રોહિત શેટ્ટી સરની સામે બસ દિમાગ ઓન રાખીને પૂરા કોન્ફિડન્સ સાથે એક્શન કરી લેવાનું! ડરને પણ બતાવી દેવાનું કે ફરહાના ભટ્ટ સામે પંગો નથી લેવાનો.

### કશ્મીરથી મુંબઇ સુધીની સફરમાં સૌથી મોટો ચેલેન્જ કયો ફેસ કરવો પડ્યો?

કશ્મીરમાં માસ કોમ્યુનિકેશનનો અભ્યાસ કર્યા પછી અચાનક કેમેરા અને એક્ટિંગની દુનિયામાં એન્ટ્રી કરવી સરળ નહોતી, લોકોના માઈન્ડસેટ સામે સ્ટેન્ડ લેવું અને ગ્લેમર ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવવી એ એક મોટો સ્ટ્રગલ હતો. પણ મારી મમ્મી મારો બહુ મોટો સપોર્ટ સિસ્ટમ રહી છે. એમના લીધે જ આ 'શેરની' આજે પૂરા એટીટ્યુડ સાથે મુંબઈમાં ટકેલી છે!

### તારી ફિટનેસ, ગ્લોઇંગ સ્કિન અને પર્સનલ સ્ટાઇલનો ફંડા શું છે?

કોઈ ઓવર-ધ-ટોપ કેમિકલ્સ નહીં, બસ કશ્મીરની નેચરલ વાઈબ, પ્રોપર વોટર ઈન્ટેક અને અંદરથી પોઝિટિવ રહેવું. ફેશનમાં હું ટ્રેન્ડ્સ પાછળ નથી ભાગતી, હું જે પહેરું એમાં મારો કોમ્ફર્ટ અને કિલર એટિટ્યુડ હોવો જોઈએ. જ્યારે તમે દિલથી ફેક નથી હોતા, ત્યારે ફેસ પર સ્કિન ગ્લો અને કોન્ફિડન્સ ઓટોમેટિક આવી જાય છે.

### નેક્સ્ટ ડ્રીમ રોલ કયો છે?

'કન્ટ્રી ઓફ બ્લાઈન્ડ' જેવી ઈન્ટરનેશનલ ફિલ્મોમાં કામ કરીને ગ્લોબલ લેવલ પર ભારતનું નામ રોશન કરવું એ બહુ પ્રાઉડ મોમેન્ટ હતી. હવે મને કોઈ પ્રોપર હાઈ-વોલ્ટેજ એક્શન-થ્રિલર કે રો-સ્પાય ડ્રામા કરવો છે! જ્યાં મને સ્ક્રીન પર બોલ્ડ અવતારમાં પ્રોપર એક્શન કરવા મળે. ગ્લેમરસ રોલ્સ તો ઘણા કર્યા, હવે સ્ક્રીન પર ફાઈટ મોડ ઓન કરવો છે.

### ફેન્સ અને આજની યંગ જનરેશનને કોઇ મેસેજ?

એક જ વાત કહીશ ક્યારેય કોઈના પ્રેશરમાં આવીને પોતાનો અવાજ ન દબાવો! લોકો શું વિચારશે એનું ટેન્શન લેવાનું બંધ કરો અને પોતાના વિઝન પર 100% ફોકસ કરો. પોતાની લાઈફના હિરો પોતે બનો અને ફિયરલેસ થઈને સપના પૂરા કરો. બી ઓરિજિનલ, કારણ કે આ ફેક વર્લ્ડમાં રિયલ રહેવું જ સૌથી મોટો સુપરપાવર છે! ●

# આસિફ ખાને બિગ બોસ સામે જ છેડ્યું યુદ્ધ!

સ્મોલ સ્કીન

ટીવી જગતનો સૌથી મોટો અને ચર્ચિત રિયાલિટી શો 'બિગ બોસ 20' અત્યારે સોશિયલ મીડિયાથી લઈને ચાયની ટપરી સુધી દરેક જગ્યાએ ચર્ચાનો વિષય બનેલો છે. આ શો દરરોજ એક નવા લેવલનો મસાલો પીરસી રહ્યો છે, પણ સોમવારનો એપિસોડ તો એકદમ 'નેક્સ્ટ લેવલ' અને 'કલેશ-ફેસ્ટ' સાબિત થયો છે! ઘરની અંદર રેગ્યુલર ફાઈટ્સ ઉપરાંત ટાસ્ક અને નોમિનેશન પ્લાનિંગના નામે જે હંગામો થયો છે, તેણે આખી સીઝનનો મોહોલ ગરમ કરી દીધો છે.

સોમવારે એપિસોડની સૌથી મોટી હાઈલાઈટ હતી 'નોમિનેશન રુલ બ્રેક'. બિગ બોસના ઘરમાં ગમે તે કરો પણ નોમિનેશનનું પ્લાનિંગ કરવું એટલે સીધો બિગ બોસની રેડ લાઈન ક્રોસ કરવા જેવું છે! ઘરમાં આસિફ ખાન, રોહેદ ખાન, સ્કાઉટ અને હાઉસ કેપ્ટન યંગ DSA એકસાથે બેસીને નોમિનેશનની ચર્ચા કરી રહ્યા હતા. બિગ બોસે તરત જ બધાને અસેમ્બલ કર્યા અને નિયમ તોડવા બદલ કેપ્ટન યંગ DSA સિવાય બાકીના ત્રણેય (આસિફ, રોહેદ અને સ્કાઉટ)ને ડાયરેક્ટ એવિક્શન માટે નોમિનેટ કરી દીધા!

બસ, આ જ નિર્ણય પછી ઘરમાં અસલી 'ફાયર' સળગી! આસિફ ખાને પોતાનો આપો ગુમાવ્યો અને સીધો મેકર્સ પર જ તૂટી પડ્યો. આસિફે ઓપન ચેલેન્જ આપતા કહ્યું કે, મને આ ગેમ જ એકદમ અનફેર લાગે છે! જો અમે બધાએ મળીને ભૂલ કરી છે તો કેપ્ટન કેમ બચી ગયો? જો મેકર્સ સાથે લડવું પડશે તો હું બિગ બોસ સાથે પણ લડીશ! આસિફનો આ રાગ અને તેનો અગ્રેસિવ મૂડ જોઈને ઘરમાં સન્નાટો છવાઈ ગયો હતો.

બીજી તરફ, મેરી કોમ અને કાઝી તૌકીર વચ્ચે એક કમેન્ટને લઈને ચર્ચાએ જોર પકડ્યું. મેરી કોમના એક સ્ટેટમેન્ટ બાદ સોશિયલ મીડિયા પર મોટો વિવાદ ઊભો થઈ ગયો, જ્યારે આરિશ્ફા ખાન અને આમ્રપાલી દુબે વચ્ચે પણ 'બચ્ચા' કમેન્ટને લઈને જોરદાર ઝઘડો થયો.

એપિસોડ પત્યો એ સાથે જ X અને ઈન્સ્ટાગ્રામ પર મીમ્સનો વરસાદ શરૂ થઈ ગયો. ફેન્સ અત્યારે બે જૂથમાં વહેંચાઈ ગયા છે.

એક વર્ગનું માનવું છે કે આસિફની વાત 100% સાચી છે. જો ચાર જણાએ ભેગા મળીને રૂલ બ્રેક કર્યો હોય તો ફક્ત કેપ્ટન હોવાના નાતે યંગને માફી આપવી એ મેકર્સનો બાયસ્ડ આદેશ છે. ફેન્સ લખી રહ્યા છે, આસિફ ભાઈ એકદમ રૉ અને રીયલ રમી રહ્યો છે, બિગ બોસ સામે બોલવા માટે દમ જોઈએ!

> **આસિફે ઓપન ચેલેન્જ આપતા કહ્યું કે, મને આ ગેમ જ એકદમ અનફેર લાગે છે! જો અમે બધાએ મળીને ભૂલ કરી છે તો કેપ્ટન કેમ બચી ગયો?**



બીજી તરફ ઘણા લોકો આસિફને 'ક્રાયબેબી' કહી રહ્યા છે. લોકોનું કહેવું છે કે બિગ બોસના ઘરમાં આવ્યા પછી નિયમોનું પાલન કરવું જ પડે અને કેપ્ટન પાસે સત્તા હોય જ છે. જો તમે જાણીબુઝીને ભૂલ કરો તો તેનું પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવું પડે!

નેટીઝન્સમાં હવે એ જ ચર્ચા ચાલી રહી છે કે શનિવાર-રવિવારે જ્યારે સલમાન સ્ટેજ પર આવશે ત્યારે આસિફની ક્લાસ લેવાશે કે નહીં! ભાઈજાન આ 'અનફેર' વાળા સ્ટેટમેન્ટ પર આસિફની કેવી બેન્ડ બજાવશે તે જોવા માટે ઓડિયન્સ અત્યારથી જ સુપર એક્સાઈટેડ છે.

બિગ બોસ 20 માં વાઈબ્સ એકદમ 'અનપ્રિડિક્ટેબલ' છે. આ વખતે 'વર્દાન' થ્રુ મળેલા ટ્વિસ્ટ્સ આખી ગેમ રોલરકોસ્ટર રાઈડ બનાવી રહ્યા છે. દર્શકો માટે ગઈકાલનો ડ્રામા પ્યોર એન્ટરટેઈનમેન્ટ હતો. હવે જોવાનું એ રહેશે કે આ નોમિનેટેડ કન્ટેસ્ટન્ટ્સ પોતાને બચાવવા માટે ઘરમાં કયો નવો માસ્ટરપ્લાન બનાવે છે. બિગ બોસ 20 નું હાઉસ અત્યારે પૂરેપૂરું 'ઓન ફાયર' છે! ●

# હિમ્મત સિંહ ઈઝ બેક! Special Ops 3



અપકમિંગ

સ્પાય થ્રિલરના શોખીનો માટે એકદમ સોલિડ ન્યૂઝ આવી ગયા છે! K.K. મેનન ઉર્ફે આપણા બધાના ફેવરિટ રૉ ઓફિસર હિમ્મત સિંહ ફરી એકવાર 'Special Ops 3'માં કમબેક કરવા માટે પૂરા મૂડમાં છે. પોતાની માઈન્ડ બ્લોઈંગ સ્ટ્રેટેજી અને દેશપ્રેમના નેક્સ્ટ લેવલ સ્વેગથી દર્શકોને ફિદા કરનાર હિમ્મત સિંહ આ વખતે એકદમ નવા અને ડેન્જરસ મિશન સાથે સ્ક્રીન પર ફાડુ એન્ટ્રી મારશે. બોસ, ગુડ ન્યૂઝ એ છે કે સિરીઝના માસ્ટરમાઈન્ડ નીરજ પાંડે બહુ જલ્દી આ સીઝન ફ્લોર પર લઈ જવાના છે. એટલે કે ફેન્સનો 'હિમ્મત સિંહ, ક્યારે આવશો? વાળો વેઈટિંગ મોડ હવે ફાઈનલી પતવા જઈ રહ્યું છે. 'Special Ops'ની વાઈબ જ અલગ છે. અહીં ખાલી ધડાકા કે ગાડીઓની ચેઝિંગ નથી હોતી, પણ અસલી ગેમ તો મગજની રમત, અંડરકવર મિશન અને નેક્સ્ટ લેવલના સસ્પેન્સની હોય છે. પહેલી બે સીઝનમાં K.K. મેનનના સ્વેગે જે ક્રેઝ ઊભો કર્યો હતો, એ જોતાં સીઝન 3માં દાવ એનાથી પણ મોટો અને મસાલેદાર હશે એ નક્કી છે. વાત કરીએ સ્ટોરીની, તો મેકર્સે હજુ સુધી સસ્પેન્સનો માહોલ બનાવી રાખ્યો છે. હિમ્મત સિંહ આ વખતે કયા ગ્લોબલ થ્રેટ કે દેશવિરોધી ષડયંત્રની પથારી ફેરવશે, એની સત્તાવાર ડિટેલ્સ સિક્રેટ રાખવામાં આવી છે, પણ ચિલ કરો, આ જ તો સ્પાય યુનિવર્સનો સાચો થ્રિલ છે!

> **પોતાની માઇન્ડ બ્લોઇંગ સ્ટ્રેટેજી અને દેશપ્રેમના નેક્સ્ટ લેવલ સ્વેગથી દર્શકોને ફિદા કરનાર હિમ્મત સિંહ આ વખતે એકદમ નવા અને ડેન્જરસ મિશન સાથે સ્ક્રીન પર ફાડુ એન્ટ્રી મારશે**

આ વખતે એક ખાસ સરપ્રાઈઝ પણ છે. અંડરકવર એજન્ટ અવિનાશ એટલે કે મુઝમ્મિલ ઈબ્રાહિમનું પાત્ર આ સીઝનમાં ધમાલ મચાવશે. લાસ્ટ સીઝન પછી ફેન્સ તેને વધુ સ્ક્રીન ટાઈમ આપવાની ડિમાન્ડ કરી રહ્યા હતા. ખુદ મુઝમ્મિલે કન્ફર્મ કર્યું છે કે નીરજ પાંડેએ ફેન્સના આ ક્રેઝી ફીડબેકને ગંભીરતાથી લીધો છે, એટલે સીઝન 3માં અવિનાશનો રોલ એકદમ નેક્સ્ટ લેવલ હોવાનો છે.

હજુ સુધી ઓફિશિયલ રિલીઝ ડેટની એનાઉન્સમેન્ટ નથી થઈ, પણ શૂટિંગ ખૂબ જલ્દી શરૂ થવાનું છે. આ થ્રિલર સીઝન JioHotstar પર સ્ટ્રીમ થશે.

ટૂંકમાં કહીએ તો, નીરજ પાંડેની આ સ્પાય યુનિવર્સમાં દુશ્મન ગમે ત્યાં છુપાયેલો હોય, હિમ્મત સિંહ તેની ગેમ ઓવર કરીને જ જંપશે. જો તમને સિક્રેટ મિશન્સ, દેશભક્તિ અને K.K. મેનનનો કૂલ-એન્ડ-સિરિયસ લુક ગમતો હોય, તો આ સીઝન તમારા વોચલિસ્ટમાં ટોપ પર હોવી જ જોઈએ! ●